દેશ અને દુનિયામાં ડ્રગનું સવન કરતા યુવાનોનું પ્રમાણ વધી રહ્યું છે. યુવાધનને સફેદ પાવડરનું ઘેલું લાગી રહ્યું છે. આજે આંતરરાષ્ટ્રીય ડ્રગનો દુરુપયોગ અને ગેરકાયદેસર ટ્રાફિકીંગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. અરિહંત સ્કુલ ઓફ ફાર્મસી અને ગુજરાત રાજય નશાબંધી અને આબકારી ખાતા દ્વારા ઉજવણી કરાઈ હતી. કોલેજમાં રંગોળી, ગ્રૂપ પેઈન્ટીંગ, ચિત્ર સ્પર્ધા, ડીબેટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં યુવક યુવતીઓએ ભાગ લીધો હતો.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કાર્યકરો પ્રજાનો અવાજ બને : ભરતસિંહ સોલંકી

હિંમતનગર, તા. ૨૬

આગામી દિવસોમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓ સહિત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસના કાર્યકર્તાઓ પ્રજાનો અવાજ રજૂ કરે તેવી હાંકલ રાજ્યના કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ બુધવારે હિંમતનગરના ડૉ. નલીનકાન્ત ગાંધી ટાઉન હોલમાં જન સંપર્ક મહા રેલીમાં ઉપસ્થિત કાર્યકર્તાઓને કરી હતી.

કોંગ્રેસ પક્ષ દ્વારા અંબાજીથી પ્રારંભ કરવામાં આવેલી જન સંપર્ક મહારેલી બુધવારે બપોરે ૪ કલાકે હિંમતનગર ખાતે આવી પહોંચી હતી. ગુજરાતના પ્રભારી ગુરૂદાસ કામત, પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, વિપક્ષના નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શંકરસિંહ વાઘેલા, શક્તિસિંહ ગોહિલ, અર્જુનભાઈ મોઢવાડીયા સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ તથા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પૂર્વ કેન્દ્રીય કાપડ મંત્રી અને વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ બાજપની સરકાર પર શાબ્દિક પ્રહારો કરતા જણાવ્યુ ંહતું કે કોંગ્રેસના કાર્યકર્તાએ પ્રજાની વચ્ચે જીને ભાજપ સરકારની નિષ્ફળતા, પ્રજાને પડતી હાલાકી, ભ્રષ્ટાચારની વાત કરવી પડશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારોને ભવ્ય વિજય અપાવી ભાજપની દવા કરી નાખવાની તક ગુમાવવી જોઈએ નહિ તેમ વધુમાં તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે કોંગ્રેસના નવ નિયુક્ત પ્રમુખ વિપુલભાઈ પટેલ, પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

હૂડાનો વિરોધ ભાજપના સૂપડા સાફ કરશે

આગામી દિવસોમાં હૂડાનો વિરોધ કરનાર નિર્દોષ ખેડૂતો, મહિલાઓ તથા નાગરિકો પર પોલીસ દ્વારા લાઠીચાર્જ કરી દમન ગુજારવામાં આવ્યો છે. કોંગ્રેસ હંમેશા હૂડાનો વિરોધ કરી પ્રજાની સાથે આંદોલનમાં સક્રિય રીતે જોડાયેલું છે. ત્યારે આગામી દિવસોમાં હૂડાનો વિરોધ ભાજપના સૂપડા સાફ કરશે તેમ કોંગ્રેસ અગ્રણીઓએ જણાવ્યું હતું.

જુના ડીસા ગ્રામ પંચાયતમાં ભરતી વિવાદ : ૧૦ સભ્યો અને સરપંચે ધર્યું રાજીનામુ

ડીસા, તા.૨૬

ડીસા તાલુકા ના જુનાડીસા ગામે આવેલ ગ્રામ પંચાયત કચેરીના સરપંચ અને દશ અન્ય સભ્યો એ કોમ્પ્યુટર ઓપરેટર ની નવીન ભરતી મામલે ગેરરીતિ આચરાઈ હોવાનો આક્ષેપ કરી તાલુકા વિકાસ અધિકારી સમક્ષ લેખિત રાજુનામું આપતા સન્નાટો છવાયો છે,

બનાસકાંઠા ના ડીસા તાલુકા ના જુનાડીસા ગામે તાલુકા વિકાસ અધિકારી અને જુનાડીસા ગ્રામ પંચાયત ના કેટલાક સભ્યો એ કોમ્પ્યુટર ઓપરેટર ની તાજેતરમાં ભરતી કરી હતી જોકે પંચાયત ના ૨૩ જેટલા સભ્યો માંથી ૧૦ સભ્યો એ આ કરેલી ભરતી ને નિયમ વિરુદ્ધ અને ગેરરીતિ સાથે ની ભરતી ગણાવતા વિવાદ છેડાયો હતો, જેમાં સરપંચે પણ પોતાનો સુર પુરાવતા આ સમગ્ર ભરતી વિવાદિત બની હતી, જેમાં આજરોજ ૧૦ સભ્યો સાથે ખુદ સરપંચે થયેલ કોમ્પ્યુટર ઓપરેટરની ભરતી ગેરલાયક હોઈ રદ કરવાની માંગ સાથે પોતાના લેટરપેડ પર ૧૦ સભ્યોની સહી સાથે ડીસા તાલુકા વિકાસ અધિકારી સમક્ષ આ મામલે તપાસની માંગ સાથે સાથે રાજુનામું આપ્યું હતું, આ મામલે સભ્યોએ સીધે સીધો ગેરરીતિ અને લેતીદેતી એ આ ભરતી કરાયેલ હોવાનું સભ્ય સુરેશભાઈ ઉકાભાઈ છત્રાલીયા એ જણાવ્યું હતું

આ મામલે રોષિત સભ્યો અને સરપંચને ડીસા ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી સિરોયા એ સાંભળ્યા હતા. અને લેખિત રાજીનામાં બાબતે વાડી કચેરી ને જાણ કરવાની તજવીજ હાથ ધરી હતી ,તેમજ આ મામલે ન્યાયિક તપાસ કરાશે તેવું જણાવ્યું હતું.

સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૩ના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૨૬

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર, સેક્ટર-૨૩ની સાધારણ સભા ગત ૨૧ જૂનના રોજ મળી હતી. બેઠકમાં આગામી બે વર્ષ ૨૦૧૫-૨૦૧૬ અને ૨૦૧૬-૨૦૧૭ માટે સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૩ ગાંધીનગરના હોદ્દેદારો તથા કારોબારી સભ્યોની રચના કરવામાં આવી છે.

જેમાં પ્રમુખ તરીકે મુકેશ શુકલ અને મંત્રી તરીકે પ્રદિપભાઈ સી. દવેની સર્વાનુમતે વરણ કરવામાં આવી છે. અન્ય હોદ્દેદારોમાં અતુલભાઈ ત્રિવેદીની ખજાનચી, પુનમભાઈ ભટ્ટ, બીપીનભાઈ જાની, નરેન્દ્રભાઈ મહેતા, કેવલરામભાઈ જોષી, અશોકભાઈ પંડ્યા, ચિરાગ ત્રિવેદી ઉપપ્રમુખ તરીકે અને તપન ત્રિવેદી, ચિંતન ભટ્ટ, જતીન જોષી સહમંત્રી તેમજ સંગઠન મંત્રી તરીકે પ્રશાંત જોષી, હાર્દિક દવે, મૌલિક દવે અને કારોબારી સભ્ય તરીકે મયંકભાઈ ભટ્ટ, ભાગ્યેશભાઈ દવે, ગીરીશભાઈ ઠાકોર, આનંદ જોષી, સુમિત વ્યાસ, ઋષીકેશ મહેતા, પ્રશાંત ઠાકર, પાર્થ ભટ્ટ, મહેશભાઈ ઠાકર, કલ્પેશ જાની, અશ્વિનભાઈ મહેતા, ભાર્ગવ શુકલ, સી.આર. ત્રિવેદીની વરણી કરવામાં આવેલ છે. તેમજ પંકજભાઈ શુકલ, મુકેશભાઈ દવે, પરેશભાઈ દવે, શ્રી બંકિમચંદ્ર મહેતા અને નરેન્દ્ર વ્યાસની સલાહકાર સમિતિ બનાવવામાં આવી છે.

હુડાના વિરોધમાં ૭ હજારથી વધુ વાંધા રજૂ કરાયા

હુડાના વિરોધમાં ૧૧ ગ્રામ પંચાયતોના સરપંચોએ સામૂહિક ઠરાવ રજૂ કર્યા

હિંમતનગર, તા. ૨૬

હૂડાના વિરોધમાં બે દિવસના ધરણા પ્રદર્શનમાં ૭ હજારથી વધુ વાંધા અરજીઓ રજૂ કરવામાં આવી છે. શુક્રવારે ૧૧ ગ્રામ પંચાયતોના સરપંચોએ હૂડાના વિરોધમાં સામુહિક ઠરાવ પસાર કરી જિલ્લા કલેકટર સમક્ષ રજૂ કર્યો હતો. તેમજ સંઘર્ષ સમિતિ દ્વારા આગામી તા.૫મી જુલાઈના રોજ હિંમતનગરના માર્કેટયાર્ડ ખાતે મહાસંમેલન યોજવાની જાહેરાત કરાતા હૂડાના વિરોધમાં આંદોલન વધુ આક્રમક બનવાના એંધાણ પ્રવર્તી રહ્યા છે.

આ અંગેની વિગત એવી છે કે છેલ્લા બે દિવસથી હૂડાના વિરોધમાં જિલ્લા કલેકટર કચેરી નજીક ધરણા પ્રદર્શન યોજીને ૭ હજારથી વધુ વાંધા રજૂ કરી હૂડા હટાવવાની માગણી સમિતિ દ્વારા કરાઈ છે. શુક્રવારે હૂડામાં સમાવિષ્ટ ૧૧ ગામોના સરપંચોએ ગ્રામસભા યોજીને ઠરાવ બુકમાં હૂડા હટાવવાનો ઠરાવ કરી કલેકટર પી.સ્વરૂપને ઠરાવ રજૂ કર્યા હતા.

આ અંગે જિલ્લા કલેકટરે હૂડા વિરોધી ઠરાવો રજૂ કરનાર ૧૧ ગામના અગ્રણીઓ સાથે બેઠક કરી જણાવ્યુ હતું કે હૂડાના વિરોધમાં વ્યકિતગત ઈસ્યુ હોય તેવી વાંધા અરજીઓ લેઆઉટ પ્લાન સાથે રજૂ કરવી જોઈએ, હૂડાની સમજ આપવા માટે વહીવટી તંત્ર દ્વારા આગામી તા.૨ જુલાઈના રોજ ડૉ.નલીનકાન્ત ગાંધી ટાઉનહોલમાં સેમિનાર યોજાશે. જેમાં હૂડાની તમામ માહિતી જેવી કે નકશાઓમાં સમાવેશ સર્વે નંબર, રોડ, ખેતી અને બિનખેતી વિષયક જમીન અંગેની તમામ જાણકારી આપવામાં આવશે.

કવિ વિનોદ જોશીને સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા દર વર્ષે ગુજરાતી ભાષાના એક સર્જકને તેમના સમગ્ર સર્જનને ધ્યાનમાં રાખીને રૂ. એક લાખનો 'ગૌરવ પુરસ્કાર' અર્પણ કરવામાં આવે છે.

વર્ષ-૨૦૧૫નો આ ગૌરવ પુરસ્કાર ગુજરાતી ભાષાના જાણીતા કવિ શ્રી ડૉ. વિનોદ જોશીને એનાયત કરવામાં આવશે. અત્યાધૂનિક ગુજરાતી ગીત કવિતામાં કવિ વનોદ જોશીએ ગીતને એક નવી ઓળખ આપી છે. પરંપરિત ગીતની લોકધારાને નવા કલ્પનો, નવો લય અને શબ્દોને નવા અર્થો આપીને ગુજરાતી ગીતને લોકપ્રિય બનાવ્યું છે. હરીન્દ્ર દવે - રમેશ પારેખ પછી ગુજરાતી ગીતને લોકકંઠે ગૂંજતું કરવામાં કવિ વિનોદ જોશી મુખ્ય રહ્યા છે. પ્રચલિત શબ્દોનો સૂક્ષ્મ અર્થ, ભાવ, ભાષા અને લયનું સાહજિક-નમણું સૌંદર્ય એમના ગીતોની આગવી ઓળખ છે. તો વળી વિવેચન-સંશોધન અને શૈક્ષણિક ક્ષેત્રે પણ એમનું પ્રદાન મૂલ્યવાન રહ્યું છે.

રાજ્યના ખેડૂતોની વ્હારે કૃષિ વીમા યોજના

નિષ્ફળ જતા પાકથી જગતના તાતને ગભરાવાની જરૂર નથી : નજીકની બેંક શાખામાં જઈ કૃષિ વીમા યોજનાનો લાભ લેવા અનુરોધ : ખરીફ ૨૦૧૫માં ઓનલાઈન અરજી પ્રક્રિયા ચાલુ

ગાંધીનગર, તા. ૨૬

જગતનો તાત હંમેશા ભગવાન ભરોસે કાર્ય કરતો આવ્યો છે. ક્યારેક પાણી વિના પાક નિષ્ફળ જાય તો ક્યારેક વધુ પડતા પાણીથી પાક નિષ્ફળ જતો હોય છે. ત્યારે ખેડૂતની હાલત દયનિય બની જાય છે. ખેડૂતોને રાષ્ટ્રીય કૃષિ વીમા યોજનાનો લાભ લેવા એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કંપની ઓફ ઈન્ડિયા લિમિટેડે અનુરોધ કર્યો છે.

ગુજરાતના ખેડૂતો મુસીબતોમાંથી બહાર નીકળી હરણફાળ પ્રગતિ કરે તે માટે રાજ્યમાં વર્ષ ૧૯૯૯-૨૦૦૦થી રાષ્ટ્રીય કૃષિ વીમા યોજનાનુંઅમલીકરણ કરવામાં આવ્યું છે અને ૧૫ વર્ષના સમયગાળામાં રૂ. ૮૭૧૦ કરોડના દાવાઓ ખેડૂતોને ચૂકવવામાં આવ્યા છે.

રાજ્યના ૧.૫૧ કરોડ ખેડૂતો કૃષિ વીમા યોજનાનો લાભ લઈ રહ્યા છે. ત્યારે બાકી રહી ગયેલા ખેડૂતો વધુમાં વધુ લાભ લે તે માટે જણાવાયું છે. ખરીફ ૨૦૧૪થી ખેડૂતો દ્વારા ઓનલાઈન અરજીપત્રકો ભરવામાં આવી રહ્યા છે. તેમજ વર્ષ ૨૦૧૫માં પણ ખરીફ ઓનલાઈન અરજી પત્રક ભરવામાં આવે છે.

ખેડૂતોએ વાવેતર વિસ્તાર, પાકની ચકાસણી એરિયલ વ્યુ, સેટેલાઈટ, જીપીએસ દ્વારા આધુનિક ટેકનોલોજીથી કરવામાં આવે છે. ત્યારે ખેડૂતોએ અરજીપત્રકમાં પાકની સાચી માહિતી ઓનલાઈન અરજીમાં બતાવવી અનિવાર્ય છે. પાક વીમાની માહિતી ખેડૂતો નજીકની બેંક શાખામાં જઈને મેળવી શકે છે. અરજીમાં ગફલતભરી રીતે પાક વાવેતર વિસ્તારમાં ફેરફાર હોય તો ઘોષણાપત્રમાં સુધારી એક અઠવાડિયામાં બેંકમાં રજુ કરવાથી સમસ્યાનું સમાધાન મેળવી શકાશે.

ખેડૂતોને ખરીફ ૨૦૧૪ મગફળી, કપાસ સિવાયના પાક દાવાઓ ચુકવી દેવામાં આવ્યા છે. ત્યારે ખેડૂતોએ ઝડપથી આ વીમા યોજનાનો લાભ લેવા કંપનીએ જણાવ્યું છે.

વડોદરામાં આરક્ષણના નિયમથી થતા અન્યાય અંગે કલેક્ટરને આવેદનપત્ર અપાયું

આરક્ષણથી સામાન્ય વર્ગના ઉચ્ચ ટકાવારીવાળા અને કુશળ ઉમેદવારો સરકારી અને અર્ધસરકારી નોકરીઓથી વંચિત રહેતા હોવાનો આવેદનમાં ઉલ્લેખ

ગાંધીનગર, તા. ૨૬

વડોદરામાં સામાન્ય વર્ગમાં આવતા ઉમેદવારોને આરક્ષણના નિયમથી અન્યાય થઈ રહ્યો હોવાનું જણાવી કલેક્ટરને આવેદનપત્ર અપાયું છે. સામાન્ય વર્ગમાં ઉચ્ચ ટકાવારી ધરાવતા અને કુશળ ઉમેદવારોને સરકારી અને અર્ધ સરકારી નોકરીઓ આરક્ષણના નિયમથી મળતી નથી જેથી આવા ઉમેદવારો નાસીપાસ થતાં હોવાનું પણ આવેદનમાં જણાવી યોગ્ય ન્યાય આપવા માંગ કરાઈ છે.

મળેલ વિગતો મુજબ વડોદરામાં મંગળવારના રોજ સામાન્ય વર્ગના ઉમેદવારોએ વડોદરા કલેક્ટર અવન્તિકા સિંઘને આવેદનપત્ર આપી અનામત નિતિથી થતા અન્યાયમાં

ન્યાય આપવા માંગ કરી છે. ગુજરાતમાં થયેલા અનામત વિરોધી આંદોલન પછી એટલે કે ૧૯૮૫ પછી પ્રથમવાર વડોદરામાં અનામત વિરોધી ચિનગારી પ્રગટી છે. સામાન્ય વર્ગના કેટલાક યુવાનોએ આપેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે સામાન્ય વર્ગના પ્રતિભાશાળી યુવાનોને આરક્ષણથી સરકારી કે અર્ધસરકારી નોકરીઓથી વંચિત રહેવું પડે છે. જેથી ફક્ત મેરીટ આધારે જ તમામ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાય જેમાં અનામત રાખવામાં ન આવે. વધુમાં તેઓએ જણાવ્યું છે કે ભુતકાળમાં થયેલી ભરતીઓ તથા ભવિષ્યમાં આવનારી ભરતીઓ અને શાળા, મહાશાળાઓમાં પ્રવેશ પ્રક્રિયાઓને લીધે ઘણોજ અન્યાય ભોગવી રહ્યા છીએ. જેથી સામાન્ય વર્ગના ઉમેદવારો નાસીપાસ થઈ ખોટા માર્ગે દોરાઈ જાય છે અને તે માટે આરક્ષણવાળી અન્યાયકારી નિર્ણય જવાબદાર હોય છે.

આવેદનપત્રમાં જણાવ્યું છે કે આ અરજીથી કોઈપણ જ્ઞાતિ વિરૂદ્ધ અમો નથી પરંતુ દરેકને પોતાની પ્રતિભા અને અભ્યાસ મુજબ સ્થાન મળે તેવો શુભ આશય રહેલો છે. સરકારની અનામત નિતીથી યોગ્ય લાયકાત અને ઉચ્ચ અભ્યાસ ધરાવતા ઉમેદવારો ફક્ત આરક્ષણના કારણે જ રોજગારીથી વંચિત બનતા હોવાનું જણાવી રહ્યા છે. જેથી આ અંગે ફક્તને ફક્ત મેરીટને ધ્યાને લેવાય તેવી માંગ સાથે આગળની કાર્વાહી કરવા આવેદનપત્રમાં જણાવ્યું છે.

વાવોલ હરિનગર સોસાયટીના પ્રશ્નો નહિ ઉકેલાય તો આવનાર ચૂંટણીનો બહિષ્કાર કરાશે

ગાંધીનગર, તા.૨૬

પાટનગર પાસેના વાવોલ સ્થિત હરિનગર સોસાયટીમાં ગટરની સમસ્યાથી રહીશો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. વર્ષો જૂના ગટર લાઈનના પ્રશ્નોનું નિરાકરણ લાવવા તંત્રને અનુરોધ કરવામાં આવ્યો છે.

વાવોલમાં આવેલ હરિનગર સોસાયટીમાં રોડની સમસ્યાનું નિરાકરણ આવી ગયું છે. પરંતુ ગટરની સમસ્યાનું નિરાકરણ આવી શકતું નથી. હરિનગર સોસાયટીના પ્રમુખ કચરાજી ગોલે જણાવ્યું છે કે સોસાયટી વર્ષો જુની છે છતાં પણ ગટરનો પ્રોબ્લેમ સોલ્વ થતો નથી ત્યારે આવનાર સમયમાં ગટરની સમસ્યાનું સમધાન નહિ આવે તો સ્થાનિક ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવશે.

સાબરકાંઠા જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી ખુશીની લહેર

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે દિવસથી વરસાદે આગમન કરતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. જેથી અસહ્ય બાફ અને ઉકળાટનો ભોગ બનેલા જિલ્લાવાસીઓને રાહત થઈ છે. દરમિયાન બુધવારે સવારે ૬ થી સાંજે ૬ દરમિયાન પ્રાંતિજમાં ૮૪, ઈડરમાં ૪૨, વડાલીમાં ૪૪, હિંમતનગરમાં ૨૬ અને વિજયનગરમાં ૩૯ મી.મી. વરસાદ પડ્યો હતો. જેના કારણે નદી, નાળામાં નવા નીરની આવક થઈ હતી.

ડીઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી જણાવ્યા મુજબ બુધવારે સવારથી જ હિંમતનગર સહિતના અન્ય સ્થળે આકાશમાં વાદળો ચઢી આવ્યા હતા. જેના કારણે વરસાદી માહોલ સર્જાયો હતો. જેથી દિવસ દરમિયાન હિંમતનગરમાં ૨૬, ઈડરમાં ૪૨, પ્રાંતિજમાં ૮૪, તલોદમાં ૧૦, વડાલીમાં ૪૪ અને વિજયનગર પંથકમાં ૩૯ મી.મી. વરસાદ નોંધાયો હતો. હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં પણ બપોર બાદ શરૂ થયેલો વરસાદ સાંજ સુધી ચાલુ રહેવા પામ્યો હતો. જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા.

શબ્દાવલી - ૫૭૭૧

૧	૨	૩	■	૪		૫	
■	૬		૭		■		■
૮	■	૯		■	૧૦		
૧૧	૧૨		■	૧૩			■
૧૪		■	૧૫			■	૧૬
	■	૧૭				■	
	■	૧૮		■	■	૧૯	
■	૨૦		■	૨૧	■	૨૨	

આડી ચાવી

૧. પરોઢ, બડી ફજર (૩)
૪. તેજ, ધારવાળુ (૪)
૬. ખોટ (૪)
૯. ટાઇલ્સ (૪)
૧૦. માનપ્રદ, ઓનરરી (૩)
૧૧. પોલીસ ફ્રેસ (૩)
૧૩. કાંટાવાળુ એક ઝાડ, દાતણ થાય (૩)
૧૪. એક સુગંધી લાકડુ (૨)
૧૫. નાકાવેરો, કર, દાણ (૩)
૧૭. એક પક્ષી, ઘૂઘૂ એટલે(૪)
૧૮. નસીબ, ભાગ્ય (૨)
૧૯. પીડા, તકલીફ (૨)
૨૦. હિંમત (૨)
૨૧. જનની, જનેતા (૧)
૨૨. સંઘરી રાખેલું મડદુ (૨)

ઊભી ચાવી

૧. સૂર્ય, ભાસ્કર (૨)
૩. જલ્દી તુટી કે ભાંગી જાય તેવું (૪)
૪. ધાન્ય, અનાજ (૨)
૫. વનમાં એની મેળે સળગતો અગ્નિ (૪)
૭. લગ્ન, વિવાહ (હિન્દી (૨)
૮. અવતરવું તે (૫)
૧૦. મા-બાપ, પિયર (૪)
૧૨. કણ, ધૂળ (૨)
૧૩. બાકી રાખવું તે (૩)
૧૫. .... વીજળી.... (બાળગીત) ઝબકારા કરતી વીજળી (૩)
૧૬. કાનુડાનો જન્મદિન (૪)
૧૭. લેખણ, પેન (૩)
૧૯. ઓછું, જરાક (૨)

શબ્દાવલી ૫૭૭૦ના જવાબ

આડી ચાવી :- (૧) વાદવિવાદ (૬) વાસ (૮) હવાલદારી (૯) યોગસૂત્ર (૧૧) હમામ (૧૪) લલના (૧૫) નરક (૧૯) કચૂંબર (૨૦) સિલ (૨૧) કણબી (૨૩) રતવા (૨૪) ફુલ

ઊભી ચાવી :- (૧) વાહવાહ (૨) દવા (૩) વિલ (૪) વાદ્ય (૫) દરિયો (૭) સર્વત્ર (૧૦) ગગનચૂંબી (૧૨) માલ (૧૩) મલમ (૧૬) રબ (૧૭) કરતાલ (૧૮) તાસિર (૧૯) કણબી (૨૧) લત

સાયબાપુરના શખ્સએ ગામની જ મહિલાની છેડતી કરતા ફરિયાદ

હિંમતનગર તાલુકાના સાયબાપુર ગામની પરિણીતાની ગુરૂવારે ગામના જ એક શખ્સ દ્વારા એકલતાનો લાભ ઉઠાવી લાજ લૂંટવાની કોશિષ કરવાનો મામલો હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે. પોલીસે સાયબાપુરના શખ્સ વિરૂધ્ધ છેડતીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાઙ્ગ વિગત અનુસાર સાયબાપુર ગામના જીનલબેન રાવળની એકલતાનો લાભ ઉઠાવી ગુરૂવારે સાયબાપુર ગામના અમૃતભાઈ મણાભાઈ રાવળે લાજ લૂંટવાની કોશિષ કરી હતી.

મોત ભરખી ગયું

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

વત્સલ પ્રકાશકુમાર ઉપાધ્યાય આ અગાઉ માલદીવ ખાતે કેથેપેસીફીક એરલાઈન્સમાં પાયલોટ તરીકે ફરજ બજાવતો હતો. તેને પ્રમોશન મળતાં તે લુફથાન્સા એરવેઝની ફીડર યુરોપિયન કોસ્ટલ એરલાઈન્સ સિની. ફર્સ્ટ ઓફિસર તરીકે નિમાયો હતો.

વત્સલે યુ.એસ.માંથી પાયલોટની ડિગ્રી મેળવી અને ગાંધીનગરનું ગૌરવ વધાર્યું હતું.

વત્સલના પરિવારજનોને ગઈકાલે મોડી રાત્રે આ દુઃખદ સમાચાર મળતાં જ તેમના પર આફતનો પહાડ તુટી પડ્યો હતો.

આજે આ સમાચાર નગરમાં પ્રસરતાં જ ગાંધીનગર શહેરના સે. ૪-એમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

વત્સલના લગ્ન સાત મહિના પૂર્વે જ સે. ૧માં ધામધૂમથી થયા હતા. સે. ૧ની દિકરી એન્જલની સાથે તે સપ્તપદીના ફેરા ફર્યો હતો.

વત્સલની સાથે હાલ તે પણ કોએશિયા છે. વત્સલનો મૃતદેહ ગાંધીનગર ખાતે લાવવાની કાર્યવાહી આરંભાઈ છે. એકાદ-બે દિવસમાં વત્સલનો મૃતદેહ ગાંધીનગર લવાશે.

૨૦૦૮માં પાયલોટની ડિગ્રી પ્રાપ્ત કર્યા બાદ તે ખુબજ ઉત્સાહિત હતો. ૨૭ વર્ષની નાની વયે તેણે સિનિયર ફર્સ્ટ ઓફિસરની જગ્યા પર બઢતી મેળવી હવાઈ ઉડ્ડયનની કૌશલ્યતાને નિખારી હતી.

આજે મોડી સાંજે સે. ૪ જાણે હીબકે ચડ્યુ હોય તેમ તેના યુવા-મિત્રો અને આડોશી-પાડોશીઓ ભેગા થઈ ગયા હતા અને સ્વર્ગસ્થ વત્સલને ભારે હૈયે શ્રદ્ધાંજલિ અર્પી હતી તેમજ તેના માતા-પિતાને સાંત્વના પાઠવી હતી.

કેનાલમાં ઝંપલાવ્યું

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મળતી માહિતી મુજબ મુળ ખેડા વિસ્તારના અને હાલ અમદાવાદ દશક્રોઈ પાસે રહેતા ૪૦ વર્ષિય જયેશભાઈ મગનભાઈ પટેલ તથા તેમની પત્નિ જયશ્રીબેન પટેલ બંને બાઈક પર તેમના ત્રણ વર્ષના દિકરા આયુષને લઈને ઈસનપુર વડલા વિસ્તારમાં ચેહરમાતાજીના મંદિરે દર્શન કરવા ગયા હતા. ત્યારથી બાઈક પર ઘરે પરત ફરતી વખતે અચાનક કોઈ કારણોસર જયેશભાઈએ લીંબડીયા કેનાલ પાસે બાઈક ઉભુ રાખી દીધુ અને કેનાલમાં ૩ વર્ષના આયુષને સાથે રાખીને માતા-પિતાએ પડતુ મુકી દીધુ હતુ. કેનાલ સિક્યુરીટી ગાર્ડ પ્રવિણ ઠાકોરને જાણ થતાં તાબડતોબ ત્રણેયને બચાવવા કેનાલમાં કુદી પડ્યો હતો. જયશ્રીબેનને બચાવી લેવામાં સફળતા મળી હતી પરંતુ પિતા-પુત્રને બચાવી શકાયા ન હતા.

પોલીસને ઘટનાની જાણ થતાં ડભોડા પોલીસની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને પિતા-પુત્રના મૃતદેહ પીએમ કરાવી સામુહીક આપઘાતનું કારણ શોધવા તજવીજ શરૂ કરી છે તો બીજી તરફ જયશ્રીબેનની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

પુસ્તકનું વિમોચન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તેઓએ લખેલા પુસ્તક ટ્રાન્સેન્ડેન્સમાં ઉલ્લેખ કર્યા મુજબ ધર્મ અને આધ્યાત્મના બીજ તેઓમાં નાનપણથી જ તેઓના પતાજીએ વાવ્યા હતા. આધ્યાત્મિક ક્ષેત્રના તેઓના આ વિચારોને ડૉ. બ્રહ્મ પ્રકાશ પ્રો. સતીષ ધવન અને પૂ. પ્રમુખ સ્વામીજી સાથેના સત્સંગથી વેગ મળ્યો. તેઓ જયારે ભારતના રાષ્ટ્રપતિ પદે બિરાજમાન હતા ત્યારે ભારતના વિકાસ, નવીન ભારતના નિર્માણ માટે તથા સ્વ વિકાસ માટે આધ્યાત્મનું ક્ષેત્ર કઈ રીતે મદદરૂપ થઈ શકે તે બાબતે પૂ. પ્રમુખ સ્વામીજી સાથે લાંબી ચર્ચા વિચારણા કરી હતી. તેઓએ પૂ. પ્રમુખ સ્વામીજીએ પોતાના આધ્યાત્મિક શિક્ષક કહ્યા છે. અમદાવાદ, ગાંધીનગર, નવી દિલ્હી અને સાળંગપુરમાં જુદા જુદા સમયે થયેલી તેઓની મુલાકાત અને તે સમયે થયેલી વિચારોની આપ લે તથા તેનાથી તેઓના જીવનમાં શું પરિવર્તન આવ્યું તેનો ઉલ્લેખ આ પુસ્તકમાં છે. આ પુસ્તકનો લોકાર્પણ કાર્યક્રમ સીટીઝન્સ ઓફ ગુજરાત અને બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા યોજાશે. શ્રી એ.પી. જે. અબ્દુલ કલામ લિખિત આ પુસ્તક 'હાર્પર કોલિન્સ' દ્વારા પ્રકાશિત થયું છે.

ટ્રીમીંગ ન થતા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સવારે મોર્નિંગ વોક કરતા નગરજનોને પણ હાલાકી ભોગવવી પડે છે. સિનિયર સિટિઝન્સ સહિત મહિલાઓને પણ વૃક્ષની નમી પડેલી ડાળીઓ નડતરરૂપ બની છે. આ મામલે અગાઉ પણ નગરના અગ્રણીઓએ વિભાગને રજુઆત કરી હોવા છતા કોઈ પગલા લેવાતા નથી. વરસાદી દિવસોમાં વૃક્ષોની ડાળીઓનું યોગ્ય ટ્રીમીંગ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. શહેરના માર્ગોના નવા નામાભિધાનના અંતે લગાવાયેલા બોર્ડ પણ મુલાકાતીઓની નજરે પડતા નથી. સેકટરોમાં પણ આંતરિક વિસ્તારોમાં આવી જ સ્થિતિ છે.

આત્મા ડાયરેક્ટરેટ એન્ડ સમેતિ
પી-૭, 'એમ' ફ્લોર, કૃષિભવન, સેક્ટર-૧૦એ,
ગાંધીનગર-૩૮૨૦૧૦ ફોન નં. : ૨૩૨૪૫૨૮૭, ૨૩૨૪૫૦૪૩
આ કચેરીના નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ના વાર્ષિક હિસાબો (આશરે ૫૦ કરોડનું ટર્નઓવર) તૈયાર કરવા માટે ગાંધીનગર / અમદાવાદની આ કામગીરીનો પાંચ વર્ષ કે તેથી વધુ અનુભવ ધરાવતી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ફર્મએ રૂબરૂમાં રૂ. ૫૦૦/- ટેન્ડર ફોર્મ ફી ભરી ટેન્ડર ફોર્મ તા. ૭/૭/૨૦૧૫ સુધીમાં મેળવી તા. ૯/૭/૨૦૧૫ના ૧૭.૦૦ કલાક સુધીમાં પહોંચતા કરવાના રહેશે.
માહિતી/૭૭૬/૨૦૧૫-૧૬ **નિયામક, સમેતિ, ગાંધીનગર**

જાહેર નિવિદા
પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા ખેડૂત તાલીમ કેન્દ્ર, સેક્ટર-૧૫, ગાંધીનગર (૦૭